જા.નં.:મા–૨/ ગ્રામપંચાયત ચુંટણી/મતદાર જાગૃતિ સ્પર્ધા/૨૦૨૧/ ૧૬૭૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ–૩,જિલ્લા સેવા સદન–૨,
અઠવાલાઈન્સ,સુરત.
તા.૧૫/૧૨/૨૦૨૧.

સદર પરિપત્ર(આ સાથે બીડેલ પરિપત્ર)માં જણાવ્યા મુજબ મતદાર જાગૃતિ અંતર્ગત વકૃત્વ સ્પર્ધા/ક્વીઝ,રંગોલી સ્પર્ધા/ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ, એન.સી.સી. અને એન.એસ.એસ. વિદ્યાર્થીઓને સાંકળી વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમોની કાર્યવાહી કરી તેના ફોટોગ્રાફ તથા અહેવાલ અત્રેની કચેરીએ તા.૨૦/૧૨/૨૦૨૧ને સોમવાર સુધીમાં બિનચુક મા–૨ શાખામાં શ્રી મહેન્દ્રભાઈ ચૌધરીને રૂબરૂમાં રજુ કરવાનું રહેશે.જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો–સુરત.

બિડાણ:સંદર્ભ પરિપત્ર

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની રજીસ્ટર સરકારી/ગ્રાન્ટેડ/નોનગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તરફ.

Scanned by CamScanner

| |
|---|
| ટોચઅગ્રતા |
| ચૂંટણી/અગત્યનું |

"મજબૂત લોકશાહી સૌની ભાગીદારી"
કલેકટર અને
જિલ્લા ચુંટણી અધિકારીની કચેરી
જિ.પં./તા.પં./ગ્રા.પં. ચૂંટણી શાખા
બી/૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

ફોન નં.૦૨૬૧-૨૬૫૨૧૩૫
ફેકસ નં.૦૨૬૧-૨૬૫૫૭૫૭
ઇ-મેઇલ:-
(1) collector-sur@gujarat.gov.in
(2) rdc-sur@gujarat.gov.in
(3) tpdpsurat@gmail.com

નં.ગ્રા.પં./સા.ચૂં/SVAP NODAL/નિમણૂંક/વશી.૨૬૯૪ થી ૨૭૦૯/૨૦૨૧ — તા.૨/૧૨/૨૦૨૧

વાંચનમાં લીધું :-

(૧) રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:-રાચઆ/ચટણ/ગ્રા.પં./મ.જા.અભિયાન/૨૦૨૧/૨૯૨૭૭ થી ૨૯૩૪૯ તા.૦૮/૧૦/૨૦૨૧

(૨) અત્રેની કચેરીના હુકમ નં.ગ્રા.પં./સા.ચૂં./SVAP NODAL/નિમણૂંક/વશી.૨૦૭૨ થી ૨૦૮૬/૨૦૨૧ તા.૨૭/૧૦/૨૧

(૩) નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરતની કચેરીના પત્ર નં.તાકેસુ/એસવીએપી નોડલ/૨૦૨૧/૭૨૭ તા.૦૨/૧૨/૨૦૨૧.

(૪) અત્રેની કચેરીના હુકમ નં.સ્થા.સ્વ./સા.ચૂં./સ્વેપ લાયઝન/નિમણૂંક/વશી.૪૯/૨૦૨૧ તા.૦૫/૦૧/૨૦૨૧

પ્રસ્તાવના :-

સચિવશ્રી રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આમુખ-૧ નાં પરિપત્રથી આગામી ડિસેમ્બર-૨૦૨૧માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં પ્રવર્તમાન સમયમાં COVID-19 પેન્ડેમિકની પરિસ્થિતિમાં પ્રવર્તિત સંજોગોને ધ્યાનમાં રાખી મતદારોને પ્રોત્સાહિત/પ્રશિક્ષિત કરવા અને મતદારો મતદાન કરવા પ્રેરાય અને કાયદા/નિયમોની જોગવાઈઓ સાથે ચૂંટણી પ્રક્રિયા અંગે સમજણ મેળવે તે હેતુથી "મતદાર જાગૃતિ અભિયાન" "State Voters Awareness Programme"(SVAP) અંતર્ગત નીચે મુજબની કામગીરીનું ગ્રામ કક્ષાએ આગોતરું આયોજન કરી હાથ ધરી શકાય તેમ જણાવેલ છે.

- દૂધ મંડળીઓ સાથે સંકલન કરી તેઓ દ્વારા અપાતી દૂધની રસીદમાં તથા દૂધની થેલીઓ પર મતદાર જાગૃતિ અંગેનો સંદેશો છપાવવો.
- ગામમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં મતદાર જાગૃતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન.
  - વકૃત્વ સ્પર્ધા/ક્વીઝ
  - રંગોલી સ્પર્ધા/ ચિત્ર સ્પર્ધા/ નિબંધ સ્પર્ધા
  - સાંસ્કૃતિક કાર્યક્રમ
  - એન.સી.સી અને એન.એસ.એસ વિદ્યાર્થીઓને સાંકળી વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો
- ગ્રામ્ય કક્ષાએ આશા વર્કર, મધ્યાહન ભોજન સંચાલક, આંગણવાડી કાર્યકર, વી.સી.ઈ., સખી મંડળો વિગેરેને સાંકળી મતદાર જાગૃતિ કાર્યક્રમો
- મતદાન જાગૃતિ અંગે ખાસ સ્ટેમ્પિંગ/સ્ટીકર્સનો ઉપયોગ નીચે મુજબ કરી શકાય જેમ કે,
  ગેસ સિલિન્ડર, ટ્રાવેલ ટિકિટ, દૂધની થેલી, લેન્ડ રેકર્ડ ડોકયુમેન્ટ, સરકારી ચૂકવણાની પહોંચ
- મતદાનનાં એક સપ્તાહ પહેલાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મતદાન કરવા માટેની આમંત્રણ પત્રિકાઓ છપાવી તેનું ગામે ગામ વિતરણ કરાવવું.
- મતદાર જાગૃતિ અંગેના હોર્ડિંગ્ઝ જાહેર સ્થળોએ/વધુ અવર-જવર રહેતી હોઈ તેવા સ્થળોએ પ્રદર્શિત કરવા મતદાર જાગૃતિ અંગે લાઉડ સ્પીકર દ્વારા પબ્લિક એનાઉસમેન્ટ કરવું
- ગ્રામ્ય કક્ષાએ યોજાયેલ મતદાર જાગૃતિ કાર્યક્રમો/પ્રવૃતિઓની વિગતો ફેસબુક તથા અન્ય સોશ્યલ સાઈટ પર અપલોડ કરવી
- સ્થાનિક કેબલ/વીડિયોમાં મતદાનનું મહત્વ સમજાવતા સંદેશા સ્ક્રોલ(પટ્ટી) સ્વરૂપે સતત પ્રસારિત કરવા
- ચૂંટણી સાથે સંકળાયેલા હોય તેવા કર્મચારીશ્રીઓનું વોટસએપ ગૃપ બનાવી સૂચનાઓનું વહન કરવું તેમજ મતદાર જાગૃતિ અંગેના સંદેશાઓનો પ્રચાર-પ્રસાર કરવો

ઉકત વિગતવાર કાર્યક્રમનું અસરકારક રીતે અમલીકરણ થાય તે મુજબ આયોજન હાથ ધરવાનું રહેશે અને કરેલ પ્રવૃતિનું ડોક્યુમેન્ટેશન, ફોટોગ્રાફી/વિડીયોગ્રાફી કરવાની રહેશે તેમજ વખતોવખત તેનું રીપોર્ટીંગ કરવાનું રહેશે.



Scanned by CamScanner

અત્રેનાં જિલ્લાનાં સ્થાનિક કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલા સંજોગો મુજબ ઉક્ત કાર્યક્રમ સિવાય અન્ય કોઇ નવતર કાર્યક્રમોનું આયોજન મતદાર જાગૃતિનો હેતુ સિદ્ધ થાય તે મુજબ નિષ્પક્ષ રીતે હાથ ધરી આગોતરું આયોજન કરવા જણાવેલ છે.

આમુખ-૨ ના અત્રેની કચેરીના તા.૨૭/૧૦/૨૦૨૧ ના આદેશથી અત્રેના જિલ્લાના નોડલ ઓફીસર (SVAP) તરીકે નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર સુરતની નિમણૂંક કરવામાં આવેલ છે.

આમુખ-૩ ના પત્રથી નાયબ નિયામકશ્રી પ્રાદેશિક તાલીમ કેન્દ્ર સુરતએ જણાવેલ છે કે, તેઓની કચેરીમાં ચાર કર્મચારીઓ ફરજ બજાવે છે જે પૈકી એક કર્મચારી તબીબી સારવાર અર્થે રજા ઉપર છે તથા અન્ય એક કર્મચારીના પોતાના લગ્ન હોવાથી તે પણ રજા ઉપર છે તથા તેઓની કચેરી ખાતે મોટર-ગાડીની સગવડ ઉપલબ્ધ નથી. જેથી ઉકત કામગીરીમાંથી મુક્તિ આપવા અત્રે વિનંતી કરેલ છે.

આમુખ-૪ ના અત્રેની કચેરીના તા.૦૫/૦૧/૨૦૨૧ ના આદેશથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ માટે લાયઝન અધિકારી(SVAP) તરીકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરતની નિમણૂંક કરવામાં આવેલ.

સુધારા હુકમ :-

આમુખ-૨ ના અત્રેની કચેરીના હુકમથી નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર સ્પીપા, સુરતની નોડલ ઓફીસર (SVAP) તરીકેની નિમણૂંક રદ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરતની આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર-૨૦૨૧ માટે "મતદાર જાગૃતિ અભિયાન" અંતર્ગત પ્રવર્તમાન સમયમાં કોવિડ-૧૯ પેન્ડેમિકની પરિસ્થિતિમાં પ્રવર્તિત સંજોગોને ધ્યાનમાં રાખી ઉકત વિગતે ગ્રામ કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું અસરકારક અમલીકરણ થાય તે માટે નોડલ ઓફીસર (SVAP) તરીકે નિમણૂંક કરવા અને થયેલ કાર્યવાહીનો પરભારે રાજ્ય ચૂંટણી આયોગને સમયસર અહેવાલ મોકલવા જણાવવા આથી હુકમ કરવામાં આવે છે.

(આયુષ ઓક)
જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેકટર સુરત

Scanned by CamScanner

ચૂંટણી/અગ્રતા

ક્રમાંક- રાચઆ/ચટણ/ગ્રા.પં/મ.જા અભિયાન/૨૦૨૧/ જે ૨૮૦૮ ... ૩૪૮

રાજ્ય ચૂંટણી આયોગ
બ્લોક નં ૯, છઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૬/૧૦/૨૦૨૧

વિષય :- ડીસેમ્બર -૨૦૨૧માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓમાં "મતદાર જાગૃતિ અભિયાન (સ્વેપ)" અંતર્ગત કામગીરીના આયોજન બાબત

પરિપત્ર:-

ડીસેમ્બર-૨૦૨૧માં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓમાં મતદારોને પ્રોત્સાહિત/પ્રશિક્ષિત કરવા અને મતદારો મતદાન કરવા પ્રેરાય અને કાયદા/નિયમોની જોગવાઇઓ સાથે ચૂંટણી પ્રક્રિયા અંગે સમજણ મેળવે તે હેતુથી "મતદાર જાગૃતિ અભિયાન " State Voters' Awareness Programme" (SVAP) હાથ ધરવાનું રહે છે.પ્રવર્તમાન સમયમાં COVID -19 પેન્ડેમિકની પરિસ્થિતિમાં પ્રવર્તિત સંજોગોને ધ્યાનમાં રાખી ગ્રામ કક્ષાએ નીચે મુજબની કામગીરીનું આગોતરૂ આયોજન હાથ ધરવાનું વિચારી શકાય.

- દૂધ મંડળીઓ સાથે સંકલન કરી તેઓ દ્વારા અપાતી દૂધની રસીદમાં તથા દૂધની થેલીઓ પર મતદાન જાગૃતિ અંગેના સંદેશો છપાવવા.
- ગામમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં મતદાર જાગૃતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન
  - વકૃત્વ સ્પર્ધા/ક્વિઝ - રંગોળી સ્પર્ધા/ ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા
  - સાંસ્કૃતિક કાર્યક્રમ - એન.સી.સી. અને એન.એસ.એસ. ના વિધાર્થીઓ ને સાંકળી વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો
- ગ્રામ્ય કક્ષાએ આશા વર્કર, મધ્યાહ્ન ભોજન સંચાલક, આંગણવાડી કાર્યકર,વી.સી.ઇ,સખી મંડળો વિગેરે ને સાંકળી મતદાર જાગૃતિ કાર્યક્રમો
- મતદાન જાગૃતિ અંગે ખાસ સ્ટેમ્પિંગ / સ્ટીકર્સનો ઉપયોગ નીચે મુજબ કરી શકાય, જેમ કે :
- ગેસ સિલિંડર - ટ્રાવેલ ટિકિટ - દૂધની થેલી - લેન્ડ રેકર્ડ ડોક્યુમેન્ટ - સરકારી ચૂકવણાની પહોંચ
- મતદાનના એક સપ્તાહ પહેલા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મતદાન કરવા માટેની આમંત્રણ પત્રિકાઓ છપાવી તેનું ગામે ગામ વિતરણ કરાવવું.
- મતદાર જાગૃતિ અંગેના હોર્ડિંગ્ઝ જાહેર સ્થળોએ/વધુ અવર-જવર રહેતીહોઇ તેવા સ્થળોએ પ્રદર્શિત કરવા
- મતદાર જાગૃતિ અંગે લાઉડ સ્પીકર દ્વારા પબ્લિક એનાઉસમેન્ટ કરવું
- ગ્રામ્ય કક્ષાએ યોજાયેલ મતદાર જાગૃતિ કાર્યક્રમો/ પ્રવૃતિઓની વિગતો ફેસબુક તથા અન્ય સોશ્યલ સાઇટ પર અપલોડ કરવી

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.

Scanned by CamScanner

- સ્થાનિક કેબલ /વીડિયોમાં મતદાનનું મહત્વ સમજાવતા સંદેશા સ્ક્રોલ (પટ્ટી) સ્વરૂપે સતત પ્રસારિત કરવા
- ચૂંટણી સાથે સંકળાયેલા હોય તેવા કર્મચારીશ્રીઓનું વોટસએપ ગ્રુપ બનાવી સૂચનાઓનું વહન કરવું તેમજ મતદાર જાગૃતિ અંગેના સંદેશાઓનો પ્રચાર પ્રસાર કરવો

ઉકત દર્શાવેલ વિગતવાર કાર્યક્રમોનું આપનાં કાર્યક્ષેત્રમાં અસરકારક રીતે અમલીકરણ થાય તે મુજબ આયોજન હાથ ધરવાનું રહેશે અને કરેલ પ્રવૃતિનું ડોક્યુમેન્ટેશન ,ફોટોગ્રાફી/વિડીયોગ્રાફી કરવાની રહેશે તેમજ વખતોવખત અત્રે તેનું રીપોર્ટીંગ કરવાનું રહેશે.

આપનાં સ્થાનિક કાર્યક્ષેત્રની વિશિષ્ટતા કે સંજોગો મુજબ ઉકત દર્શાવેલ કાર્યક્રમો સિવાય અન્ય કોઇ નવતર કાર્યક્રમો પ્રયોગસ્વરૂપે હાથ ધરવા યોગ્ય જણાય તો તેવા કાર્યક્રમોનું આયોજન મતદાર જાગૃતિ હેતુ સિધ્ધ થાય તે મુજબ સ્થાનિક પરિસ્થિતિ મુજબ નિષ્પક્ષ રીતે હાથ ધરી શકાશે.

વિશેષમાં કોવિડ-૧૯ પેન્ડેમિકની પરિસ્થિતિ ને ધ્યાને લઇ કેન્દ્ર સરકારશ્રીનાં આરોગ્ય મંત્રાલય તથા ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગ/ગૃહ વિભાગની વખતો વખતની માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઇ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાની રહેશે.

આપનો વિશ્વાસુ.

(જી.સી.બ્રહ્મભટ્ટ)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,

* જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી ...... તમામ (૩૩ જિલ્લા)
* સ્થાનિક સ્વરાજય સંસ્થાઓના નોડલ ઓફિસર અને નિવાસી અધિક કલેકટરશ્રી, ........ તમામ (૩૩ જિલ્લા)

**નકલ જાણ તેમજ જરૂરી ફોલોઅપ કરવાની વિનંતી સાથે**

* નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી -૧, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
* નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી–૨, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
* નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
* મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી, તમામ યુનિટ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
* મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી, કેન્દ્ર શાખા, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
* આઈ.ટી.શાખા, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર

Scanned by CamScanner